# ગુરુપૂર્ણિમા શા માટે અને કેવી રીતે ?

ગુજરાતમાં શિક્ષણક્ષેત્રે પાટણકાંડ બન્યા પછી, દરેક શિક્ષક ચિંતિત બની ગયો છે. પાટણકાંડ જેવી કેટલીક ઘટનાઓ હમણાંથી સમાચાર માધ્યમોમાં વિશેષ જોવા મળે છે. ક્યારેક તેને અતિશ્યોકિતભરી રજૂ કરવામાં પણ આવે છે. પરિણામ સ્વરૂપ ચિંતિત શિક્ષકોની ચિંતામાં વધારો થતો રહે છે. ટ્રાફિક પોલીસ રસ્તા પર ઊભા રાખીને પૂછે કે તમે શું કરો છો? તો શિક્ષક છું તેમ કહેતાં પણ શરમ અનુભવે છે. ત્યારે આવા ચિંતિત શિક્ષકોને વિનંતિ કરવાની થાય કે, તમારી ચિંતા ખોટી નથી, પણ તમે તમારી જાત માટે લઘુતા અનુભવો તે ખોટું છે. આવતા શુક્રવારે ગુરુપૂર્ણિમા છે. તમારા સાચા વિદ્યાર્થીઓ તમારી પાસે આવશે, તમે જ જો લઘુતા અનુભવતા હશો તો પેલા વિદ્યાર્થીઓ તમારા માટે શું વિચારશે?

પાટણ ઘટના જેવી ઘટનાઓ બનવાથી સાચો શિક્ષક કદાપિ હલકો પડતો નથી. આવી ઘટનાને અંજામ આપનાર હકીકતમાં-સાચા અર્થમાં શિક્ષક હતા જ નહીં. તેઓના હાથમાં નોકરી કરવા માટેની ડિગ્રી હતી, પણ દિલ નહોતું. ચાણક્યએ કહ્યું હતું કે,“શિક્ષક કભી સાધારણ નહીં હોતા”. તો તે જ રીતે કહી શકાય કે,“ટીચર કભી ચીટર નહીં હોતા“. શિક્ષકનું સ્થાન વર્ષો પૂર્વે હતું, આજે છે અને આવતીકાલે પણ રહેશે જ. કોઇપણ વ્યક્તિના વિકાસમાં તેના શિક્ષક-ગુરુનું સ્થાન અનન્ય છે. ગુરુ કદાપિ લઘુ ન હોઇ શકે. વ્યકિંતને લઘુમાંથી ગુરુ બનાવે તેને ગુરુ કહેવાય.

પ્રાચીન ભારતથી ગુરુના ગુણ ગવાતાં રહ્યાં છે. જેમકે, ગુરુ બ્રહ્મા, ગુરુ વિષ્ણુ, ગુરુ મહેશ્વર.......... તો વળી સંત કબીરે ગુરુ માટે કહ્યું હતું કે, ગુરુ ગોવિંદ દોને ખડે કિસકો લાગું પાય, બલિહારી ગુરુ આપકી, ગોવિંદ દિયો બતાય... વગેરે. ગુરુ-શિક્ષકનું મહત્ત્વ માત્ર ભારતીય સમાજમાં જ હતુ કે છે એવું નથી. પશ્ચિમ સમાજમાં પણ શિક્ષકને નવાજવામાં આવે જ છે. જેમકે, કાર્લાઇલે કહ્યું હતું, “મારું માથું બે જ વ્યકિંતને નમે છે, એક શિક્ષક અને બીજા ખેડૂતને”. તો વળી એલેકઝાંડરે કહેલું,“I owe my birth to my father but life to my teacher” . જ્હોન ડયુઇના મતે, શિક્ષક સુંદર અને સામાજિક જીવન નિર્મિત કરનાર મુખ્ય અંગ છે. શિક્ષક સમાજના હિતની દ્દષ્ટિએ ઇશ્વરનો પ્રતિનિધિ છે. શિક્ષક સામાજિક વાતાવરણનો નિર્માતા છે, તે એક સમાજ સેવક છે. એચ.જી.વેલ્સના મતે “The teacher is a real maker of history”.

પાટણકાંડ જેવી ઘટના સમાજમાં વારંવાર બનતી નથી. છતાં સમાજના મૂલ્યો પર તેની અસર ચોક્કસપણે થાય છે. માટે જ શિક્ષકના સ્થાનને ટકાવી રાખવા અને આગળ વધારવા શિક્ષક અને સમાજે એકરૂપ થઇને પ્રયત્ન કરવા જોઇએ. શિક્ષકના મોભાને ઉપર લઇ જવાની એકપણ તક ગુમાવવી ન જોઇએ. ત્યારે આવતા અઠવાડિયે આવતી ગુરુપૂર્ણિમાને તક સમજીને તેનો લાભ લેવા સમાજે આજથી તૈયારી કરવી જોઇએ. આમપણ અન્ય રીતે વિચારતાં શિક્ષક આલમમાં રહેલા એકાદ ટકા ખરાબ શિક્ષકોને કારણે સચ્ચાઇથી સેવા બજાવતા શિક્ષકોને અન્યાય ન થાય, તેનો મોભો જળવાઇ રહે તે જોવાની જવાબદારી સમાજની જ છે. આજે પણ પ્રાથમિક શાળા કે કોલેજોમાં એવા અનેક હજારો શિક્ષકો છે કે જેને તેમના વિદ્યાર્થીઓ ભગવાનની જેમ નમન કરે છે. આવા શિક્ષકોએ ક્યારેય પોતાના સ્વાર્થને પ્રાધાન્ય આપ્યું નથી. બાળકોની ભૂલોને પણ હસતાં મોઢે સ્વીકારીને સાચો માર્ગ બતાવવાનો પ્રયત્ન કરે છે.

આવા શિક્ષકોની જમાત ઘણી મટી છે, તેમના કારણે જ શિક્ષણ સમાજ ટકી રહ્યો છે. આવા શિક્ષકોને ગુરુપૂર્ણિમાને દિવસે સન્માનવાનું ચૂકતા સમાજમાં ક્યારેય મૂલ્યોની સ્થાપના થતી નથી.

ગુરુપૂર્ણિમાને દિવસે કેટલીક શાળા-કોલેજોમાં શિક્ષકોને હાર પહેરાવીને કે ફૂલ આપીને તેમના વિદ્યાર્થીઓ સન્માન કરે છે. જેમાં સમાજે પણ ભળવાની જરૂર છે. આ માટે સામાજિક સંસ્થાઓએ પણ બહાર આવવાની જરૂર છે. શહેરી વિસ્તારોમાં સામાજિક કાર્ય કરવાની ખેવના સાથે કામ કરતી ક્લબો ગરબાનું આયોજન કરે છે, ફિલ્મ અભિનેતા કે અભિનેત્રીને આવકારે છે, પણ આવી સંસ્થા-ક્લબોએ ક્યારેય કોઇ શિક્ષકનું સન્માન કર્યું નથી. આવી સંસ્થા કોઇ ચોક્કસ કાર્યક્રમનું ઉદ્‌ઘાટન કોઇ શિક્ષક કે શિક્ષિકાને હસ્તે કરાવે તો સૌ કોઇ આવકારશે. ક્લબોને આવી સલાહ આપવી વદારે પડતી કહેવાશે, કારણકે ક્લબો ચલાવતા લોકોનો સમૂહ ખૂબ જ ભણેલો ગણેલો હોય છે, સમાજનો ખૂબ જ પ્રતિષ્ઠિત વર્ગ છે.

ગુરુપૂર્ણિમાને દિવસે પોતાની સંસ્થામાં વિદ્યાર્થીઓ દ્વારા ફૂલહારથી પોતાનું સન્માન થવું જ જોઇએ તેવી અપેક્ષા ક્યારેય કોઇ શિક્ષકે રાખી નથી, આમ છતાં આવા સન્માનથી શિક્ષક ખુશ થાય છે. પણ તેના કરતાં પણ વધારે ખુશી શિક્ષકને આપવી હોય તો વિદ્યાર્થી મિત્રોને કેટલીક ટીપ્સ..

ગુરુપૂર્ણિમાને દિવસે શિક્ષકના હાથમાં ફૂલ આપવાં કરતાં એક લખેલી ચીઠ્ઠી આપજો. જેમાં તમારે આ વર્ષનો એક સંકલ્પ લખવાનો છે. આ વર્ષે માટે કોઇ એક ચોક્કસ ધ્યેય પસંદ કરો. ત્યારબાદ તમારે તમારા શિક્ષકને સંબોધીને તમે નકકી કરેલ ધ્યેય લખો અને સાથે તે ધ્યેયને પરિપૂર્ણ કરવા માટે સતત પ્રયત્નશીલ રહેશો તેવું વચન આપો. જેમકે, સર... આ વર્ષ હું ખૂબ જ ઊંડો અભ્યાસ કરીને ગત વર્ષ કરતાં વધુ સારું પરિણામ લાવીશ, હું ટ્રાફિકના નિયમોનું ચૂસ્ત પાલન કરીશ અને મારા કુટુંબીઓ પાસે કરાવીશ, મારું સંશોધન કે પ્રોજેક્ટવર્ક આટલા સમયગાળામાં કરીશ, આવા અને આટલા સામાજિક કાર્યો કરીશ, પરીક્ષામાં ગેરરીતિ નહીં કરું અને અન્યને કરતાં રોકીશ, મેં ભૂતકાળમાં આ ભૂલ કરી હતી પણ હવે ભવિષ્યમાં ક્યારેય નહીં કરું, વર્ગમાં કે શાળા-કોલેજમાં જરૂરિયાતમંદ વિદ્યાર્થીને હું મદદ કરીશ વગેરે જેવા સંક્લપોમાંથી એક સંકલ્પ કરી શકાય. તમે તમારી ઇચ્છા, આવડતને ધ્યાનમાં રાખી માત્ર એક સંકલ્પ કરો અને તેને લખીને તમારા શિક્ષકને આપો. વિદ્યાર્થીના માત્ર એક વાક્ય, એક પત્ર, એક વચન, એક સંકલ્પ દ્વારા ગુરુપૂર્ણિમા ઉજવવામાં આવશે તો શિક્ષકને ફૂલહાર પહેરવા કરતાં વધારે આનંદ મળશે તેની ગેરંટી. અને હા... વર્ષના અંતે તમે આપેલ વચન પૂર્ણ કરેલ છે તેની જાણ મૌખિક કે પત્ર દ્વારા કરશો તો તમારા એ શિક્ષક હરખાઇને હવામાં ઉડશે, તમારા વિશે બીજાને વાત કરશે, ઘેર જઇને પોતાની પત્નીને કહેશે કે, જો આ મારો વિદ્યાર્થી ! અંતે મિત્રો એક સલાહ.... ગુરુને પામવાના હોય માપવાના ના હોય.